## બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની જન્મતારીખમાં સુધારો કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, પરિપત્રક્રમાંક : બમશ-1002-2862-ગ

સચિવાલય, ગાંધીનગર, તા. 2-9-2005

*વંચાણે લીધા :* (1) *સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : આરટીઆર-1097-314-ક, તા. 27-1-'98.*

(2) *સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1280-4415-ગ, તા. 6-1-'90.*

(3) *સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1299-727-ગ, તા. 6-4-'99.*

**પરિપત્ર :** રાજ્યની બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનસરકારી કર્મચારીઓની જન્મતારીખ સુધારવા માટેની સૂચનાઓ ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ/પરિપત્રોથી બહાર પાડવામાં આવેલ છે. જન્મતારીખ સુધારવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની સ્થાયી સૂચનાઓ મુજબ નોકરીની શરૂઆતનાં પાંચ વર્ષની સમયમર્યાદામાં જ જન્મતારીખ સુધારવા માટે વ્યાજબી કારણો હોય તો નિયમાનુસાર રજૂઆત કરવાની રહે છે. નોકરીમાં દાખલ થયાનાં પાંચ વર્ષમાં જન્મતારીખ સુધારવા માટે કોઈ નક્કર કારણો હોય તો અથવા તો સેવાપોથીમાં કોઈ ક્લેરિકલ ભૂલના કારણે જન્મતારીખ સુધારવાની થતી હોય તો તે અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયેલ નિયમો અને પરિશિષ્ટ મુજબ દરખાસ્ત કરવી નહિ તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં તેનું પાલન થતું હોય તેમ જણાતું નથી અને તેનો ભંગ થતો હોય તેવું સરકારશ્રીના ધ્યાને આવેલ હોવાથી તેના નિવારણ માટે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ તથા આ વિભાગે ઉક્ત ઠરાવોથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ

અમલી રહે તે રીતે પુનઃ નીચે મુજબ વધારાની સૂચનાઓ પાઠવવામાં આવે છે :

1. રાજ્યની બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી તરીકે ફરજ બજાવતાં તમામે તા. 31-10-2005 સુધીમાં તેઓના જન્મના દાખલા, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી. પ્રમાણપત્ર અને સેવાપોથીમાં નોંધાયેલ જન્મતારીખ એક જ હોવાની બાબતે પરિશિષ્ટ-1 મુજબ બાંહેધરી આપવાની રહેશે.

2. સંબંધિત શાળાના આચાર્યએ તેઓની શાળાના તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ પાસેથી નિયત નમૂનામાં બાંહેધરી મેળવવામાં આવેલ છે અને સેવાપોથીમાં અને જન્મના દાખલાને આધારે નોંધાયેલ જન્મતારીખ બરાબર માલૂમ પડેલ છે તે મતલબનું પ્રમાણપત્ર નિયત નમૂના પરિશિષ્ટ-2 મુજબ આપવાનું રહેશે.

3. જિલ્લાશિક્ષણાધિકારીકચેરી દ્વારા પણ જે તે જિલ્લામાં આવેલ બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના જન્મતારીખના કિસ્સામાં પૂરતી ચકાસણી કરવામાં આવે તે માટે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર કે શાળાઓની વહીવટી કામગીરીનું ઇન્સ્પેકશન કરનાર સંબંધિત અધિકારીએ પરિશિષ્ટ-2 નીચે જણાવેલ પ્રમાણપત્ર આપવાનું રહેશે અને તેની એક નકલ અસલ સેવાપોથીમાં તથા કર્મચારી પાસે રાખવામાં આવતી ડુપ્લિકેટ સેવાપોથીમાં લગાવવાની રહેશે અને એક નકલ જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીમાં રાખવાની રહેશે

4. જન્મતારીખ બાબતે ઉક્ત સૂચનાઓ મુજબની કામગીરી તા. 31-12-2005 સુધીમાં પૂર્ણ કરવામાં આવે તે માટે તમામ જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીને સૂચિત કરવામાં આવે છે અને આ માટે જરૂરી સૂચનાઓ શાળાઓને આપવા અને તેનું નિયત સમયમર્યાદામાં પાલન થાય તે જોવા આથી જણાવવામાં આવે છે. આ સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ થયેલ છે કે કેમ તેની ચકાસણી વાર્ષિક ઑડિટની કામગીરી વખતે કમિશનરશ્રી, શાળાઓની કચેરીની ઑડિટટીમે કરવાની રહેશે અને જે કિસ્સાઓમાં આ મતલબની કામગીરી પૂર્ણ થયેલ ન હોય તેનો અહેવાલ કમિશનરશ્રી, શાળાઓને રજૂ કરવાનો રહેશે અને તેની જાણ વિભાગને પણ કરવાની રહેશે.

5. તા. 31-12-2005 પછી જન્મતારીખ સુધારવા બાબત રજૂઆત થાય ત્યારે જન્મતારીખ સબબ ઉક્ત સૂચનાઓ મુજબનું સંબંધિત કર્મચારીનું બાંહેધરીપત્રક, આચાર્યનું પ્રમાણપત્ર અને જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીએ આપવાનાં થતાં પ્રમાણપત્રોની વિગતો આવેલ દરખાસ્ત સાથે રજૂ નહિ થાય તો તે માટે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીને જવાબદાર ગણી સંબંધિત સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

6. કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા વિભાગને જ્યારે જન્મતારીખ સુધારવા દરખાસ્ત રજૂ કરવામાં આવે ત્યારે ઉક્ત સૂચનાઓનું પાલન થયેલ છે કે કેમ, તેની ચકાસણી કરી પ્રમાણિત કરવાનું રહેશે અને યોગ્ય જણાય તો જ દરખાસ્ત વિભાગને રજૂ કરવાની રહેશે.

7. નવી નિમણૂકની બહાલી માટેની દરખાસ્તો જ્યારે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીને મળે ત્યારે શાળા દ્વારા રજૂ કરવામાં આવેલ દરખાસ્ત સાથે શાળામાં પ્રથમ નિમણૂકહુકમ આપતી વખતે સંબંધિત કર્મચારી પાસેથી તેઓની જન્મતારીખ બાબતે પૂરતી બાંહેધરી મેળવવામાં આવેલ છે તે અને મળેલ બાંહેધરી મુજબ જ તેઓના જન્મના દાખલા, શાળા છોડ્યાના પ્રમાણપત્ર, એસ.એસ.સી. પ્રમાણપત્ર અને સેવાપોથીમાં નોંધાયેલ જન્મતારીખ એક જ છે તે અંગેની ચકાસણી જે તે શાળાના આચાર્યએ કરેલ છે તે અંગેના પ્રમાણપત્ર સાથે દરખાસ્ત રજૂ કરવાની જોગવાઈ દાખલ કરવાની રહેશે. જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી દ્વારા જ્યારે બહાલીના હુકમો કરવામાં આવે ત્યારે નવું કોલમ ઉમેરી તેમાં આ બાબતનો યથાયોગ્ય ઉલ્લેખ કરવાનો રહેશે.

8. જ્યારે કોઈ વિવાદ કે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે જન્મતારીખ સુધારવા સબબની મૂળ નીતિ સામાન્ય વહીવટ વિભાગની હોવાથી વખતોવખત બહાર પાડવામાં આવેલ તે વિભાગના ઠરાવો અને તદઅન્વયે આ વિભાગે બહાર પાડેલ ઠરાવોની જોગવાઈઓ પણ લક્ષમાં લેવાની રહેશે.

ઉક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તેમ જ તેની જાણ સંબંધિતોને કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મનહર આર. ચૌધરી

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ